# ગુજરાત રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણોનો અભ્યાસ

ડૉ.અશોક પટેલ
એસ.યુ.જી.કોલેજ ઑફ એજ્યુકેશન
વાસણા-અમદાવાદ-૭
Email – Dr.AshokPatel@gmail.com

## સારાંશ

ગુજરાતમાં શૈક્ષણિક ગુણવત્તા વધે તે માટે પ્રયત્નો થઈ રહ્યાં છે. સાથે સાથે ઔદ્યોગિક રીતે પણ ગુજરાત આગળ વધતું જાય છે ત્યારે ગુજરાત માટે વિજ્ઞાનનું મહત્વ ખૂબ જ વધી જાય છે. બીજી બાજુ ગુજરાતમાં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થી સંખ્યા ઘટતી જાય છે. જે સૌને માટે ચિંતાનો વિષય બની રહે છે. ગુજરાતમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં સંખ્યા ઘટવાના કારણો જાણવા અને તેને આધારે ભલામણો કરવા માટે આ સંશોધન મા.શિ.બોર્ડ- ગુજરાત રાજ્યના સહકારથી કરવામાં આવેલું છે. સર્વેક્ષણ પદ્ધતિથી કરવામાં આવેલ આ સંશોધન માટે ગુજરાતના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થી, વાલી, શિક્ષકો અને આચાર્યનો યાદચ્છિક રીતે નમૂનો પસંદ કરીને તેમની પાસેથી આ અંગેના કારણો મેળવ્યાં હતાં. જેમાં આર્થિક કારણો, માર્ગદર્શનનો અભાવ, બોર્ડની અગાઉની પરીક્ષાના ઓછા પરિણામ અને વધુ મહેનત ઓછા ટકા જેવા ઘણાં કારણો જાણવાં મળ્યાં. આ સંશોધન દ્વારા પ્રાપ્ત  કારણોને આધારે ભલામણો પણ કરવામાં આવેલ છે. જેના આધારે શાળા-સમાજ અને સરકાર વિવિધ પ્રયત્નો કરીને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થી સંખ્યા વધારવાના ઉપાયો કરી શકે.

# ગુજરાત રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણોનો અભ્યાસ

ડૉ.અશોક પટેલ
એસ.યુ.જી.કોલેજ ઑફ એજ્યુકેશન
વાસણા-અમદાવાદ-૭
Email – Dr.AshokPatel@gmail.com

**પ્રસ્તાવના**

આજના અતિઆધુનિક યુગમાં ટેકનોલોજીનું મહત્વ વધતું જાય છે. કોઇ પણ દેશ કે રાજ્યના વિકાસનો આધાર વિજ્ઞાન બની રહ્યું છે ત્યારે વિજ્ઞાન સાથે સંકળાયેલ અનેક પ્રવાહોમાંથી માનવબળની ઘટતી સંખ્યાં જે તે સરકાર/પ્રજા માટે ચિંતાનો વિષય બની રહે જ. ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક ગુણવત્તા વધતી જાય છે, પરંતુ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. જે એક રીતે ગુણવત્તાને નબળી પાડે છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ધો.૧૨ માં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થી સંખ્યાની પરિસ્થિતિ નીચે મુજબ છે.

**સારણી : ૧**
**ધો.૧૨ ની પરીક્ષામાં બેઠેલા કુલ વિદ્યાર્થીના પ્રમાણમાં**
**વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ**

| વર્ષ | વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી | સામાન્ય પ્રવાહ પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી | પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીની કુલ સંખ્યા | વિજ્ઞાન પ્રવાહમાં બેઠેલા વિદ્યાર્થીના ટકા |
|---|---|---|---|---|
| 2000 | 49249 | 191860 | 241109 | **20.43** |
| 2001 | 52559 | 268966 | 321525 | **16.35** |
| 2002 | 57269 | 276420 | 333689 | **17.16** |
| 2003 | 60345 | 317704 | 378049 | **15.96** |
| 2004 | 51678 | 283261 | 334939 | **15.43** |
| 2005 | 37446 | 262157 | 299603 | **12.49** |

સારણી-૧ ના આધારે ખ્યાલ આવે છે કે, છેલ્લા પાંચ વર્ષમાં ધો.૧૨ માં પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીની કુલ સંખ્યાના માત્ર ૧૨ થી ૨૦ ટકા વિદ્યાર્થીઓ જ વિજ્ઞાન પ્રવાહના છે

**સારણી : ૨**
**ધો.૧૨ ના કુલ વિદ્યાર્થીમાંથી વિજ્ઞાનપ્રવાહ સાથે**
**ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીની સંખ્યા**

| વર્ષ | ધો.૧૨ના કુલ વિદ્યાર્થી | વિજ્ઞાન પ્રવાહમાં પાસ | ટકા |
|---|---|---|---|
| 2000 | 241109 | 30022 | **12.45** |
| 2001 | 321525 | 37796 | **11.76** |
| 2002 | 333689 | 31646 | **9.48** |
| 2003 | 378049 | 28918 | **7.65** |
| 2004 | 334939 | 29833 | **8.91** |

સારણી -૨ પરથી ખ્યાલ આવશે કે ધો.૧૨ ના કુલ વિદ્યાર્થીમાંથી વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ થઇને બહરા પડતાં વિદ્યાર્થીનું પ્રમાણ ૮.૯૧ થી ૧૨.૨૦ ટકા જેટલું જ છે.

**સંશોધન સમસ્યાનું ઉદ્‌ભવ સ્થાન**

ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ધો.૧૨ માં બોર્ડની પરીક્ષામાં વિજ્ઞાનપ્રવાહ અને સામાન્યપ્રવાહમાં બેઠેલા વિદ્યાર્થીની સંખ્યા આ મુજબ છે.

**સારણી -૩**
**ધો.૧૨ બોર્ડની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ**

| વર્ષ | વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ |
|---|---|---|
| 2000 | 49249 | 191860 |
| 2001 | 52559 | 268966 |
| 2002 | 57269 | 276420 |
| 2003 | 60345 | 317704 |
| 2004 | 51678 | 283261 |
| 2005 | 37446 | 262157 |

ઉપરોક્ત આંકડાઓ જોતાં ખ્યાલ આવશે કે, છેલ્લા કેટલાંક વર્ષોમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા સંતોષજનક નથી. આ અંગે ચિંતા વ્યકત કરતાં માનનીય શિક્ષણમંત્રીશ્રીએ COBSE ની ગુજરાતમાં મળેલ મિટીંગમાં જણાવેલ કે, " અત્યારે વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા 40,000 ની આસપાસ છે. જે પાંચ વર્ષમાં ઓછામાં ઓછી ૧ લાખ જેટલી થાય તેવા પ્રયત્નો ગુજરાતે કરવાના છે. મા.શિ.બોર્ડના ચેરમેનશ્રી હિંગુ સાહેબે પણ આ અંગે જણાવેલ કે," ધો.૧૧માં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે, તે અંગેના કારણો શોધવાનો પ્રયત્ન સંશોધકોએ કરવો જોઈએ."આ ઉપરાંત શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તેમજ શિક્ષણવિદ્દો પણ જાહેરમાં ચિંતા સાથે દુ:ખ વ્યક્ત કરે છે." આમ સરકાર અને સમાજ તરફથી વારંવાર થતી ચિંતા આ સંશોધન ઉદ્‌ભવવાનું મુખ્ય કારણ છે.

## સંશોધનનું મહત્ત્વ :

સારણી ૧ અને ૨ માં દર્શાવેલ વિજ્ઞાનપ્રવાહના આંકડાઓ ગુજરાત સરકાર અને સમાજ માટે આઘાત જનક છે. જો આ પ્રવાહ આ રીતે જ ચાલશે તો આગામી કેટલાક વર્ષોમાં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી થઇ જશે. વિજ્ઞાનક્ષેત્રે ગુજરાત ઘણું જ પાછળ જતું રહેશે.
ઉપરોક્ત ગંભીર ઘટનામાંથી બહાર આવવા માટે એ જાણવું જરૂરી બને છે કે, ધો.૧૧ માં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેમ ઘટી રહી છે ? તે માટેનાં કારણો શોધી, મળેલ કારણોને નાબૂદ કરવા માટે સરકાર અને સમાજે ચોક્કસ દિશાના સાચા પ્રયત્નો કરવા પડશે.આ પ્રયત્નોને સાચી દિશા અર્પવા માટે આ સંશોધન મહત્વનું સાબિત થશે.
આ ઉપરાંત ગુજરાતમાં એન્જિનિંયરીંગની કોલેજો દ્વારા પ્રવેશ મેળવવા માટે આપવામાં આવતી જાહેરાતો વાંચતાં ખ્યાલ આવ્યો કે, ૩૫ ટકા ગુણ મેળવનારને પણ એન્જિનિયરીંગ કોલેજમાં પ્રવેશ મળશે. તો વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં જઈને સારા શિક્ષક, વિજ્ઞાની કે સારા લેબટેકનિશિયન બનશે કોણ? આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે આ સંશોધન ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

ભારતના વડાપ્રધાન શ્રી મનમોહનસિંગે અમદાવાદમાં સાયન્સ કોંગ્રેસના ૯૨ મા અધિવેશનમાં તા.૩/૧/૨૦૦૫ના રોજ જણાવેલ કે, “શાળા કક્ષાએ વિદ્યાર્થીઓની વિજ્ઞાનપ્રવાહમાં સંખ્યા વધારવા માટે આપણે પ્રયત્નો કરવા પડશે.......શાળા કક્ષાનો વિજ્ઞાનનો અભ્યાસક્રમ પણ રસિક બનવવો જોઈએ.“

## સંશોધનના હેતુઓ

- ગ્રામ્ય અને શહેર વિસ્તારના વિદ્યાર્થીઓ પાસેથી વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ નહિ લેવાના કારણો જાણવાં
- ગ્રામ્ય અને શહેર વિસ્તારના વિદ્યાર્થીના વાલીઓ પાસેથી તેમના બાળકને વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ નહિ લેવડાવવાના કારણો જાણવાં
- ગ્રામ્ય અને શહેર વિસ્તારની શાળાના શિક્ષકો અને આચાર્ય પાસેથી વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા માટેના કારણો જાણવા.
- પ્રાપ્ત કારણોને આધારે ભલામણો કરવી.

## વ્યાપવિશ્વ

ગુજરાત રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આચાર્ય

**નમૂના પસંદગી**

૭૦ % થી વધુ ટકા સાથે ધો. ૧૦ પાસ કર્યુ હોય અને વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ ન લીધો હોય તેવા વિદ્યાર્થીઓ અને તેમના વાલી, ધોરણ ૧૧-૧૨ માં શિક્ષણ આપતાં શિક્ષકો અને આચાર્ય.

નમૂના પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી હતી.

વિસ્તાર પ્રમાણે નમૂનો નીચે પ્રમાણે લીધેલ છે.

**સારણી : ૪**

**વિસ્તાર અને લાયકાત પ્રમાણે પાત્રોની સંખ્યા**

| પ્રદેશ | શહેર વિસ્તાર | | | | ગ્રામ્ય વિસ્તાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | આચાર્ય | શિક્ષકો | વિદ્યાર્થી | વાલી | આચાર્ય | શિક્ષકો | વિદ્યાર્થી | વાલી |
| સૌરાષ્ટ્ર | 04 | 14 | 42 | 18 | 05 | 16 | 46 | 14 |
| દ.ગુજરાત | 05 | 16 | 45 | 22 | 06 | 16 | 26 | 09 |
| મ.ગુજરાત | 07 | 18 | 26 | 15 | 06 | 22 | 56 | 11 |
| ઉ.ગુજરાત | 06 | 20 | 56 | 48 | 09 | 26 | 42 | 12 |
| કુલ | 22 | 68 | 169 | 103 | 26 | 80 | 170 | 46 |

**સંશોધન પદ્ધતિ**

આ સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સર્વેક્ષણ પદ્ધતિમાં પણ "જનમત સર્વેક્ષણ" નો ઉપયોગ કરેલ છે.

**ઉપકરણ**

માહિતી એકત્ર કરવા માટે પસંદ કરેલા પાત્રોની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલી. જેમાં પાત્રોએ પોતાના અભિપ્રાય મુક્ત રીતે લેખિત સ્વરૂપે આપવાના હતાં. જેમાં પાત્રો પ્રમાણે નીચે પ્રમાણે પ્રશ્ન પૂછવામાં આવેલો.

વિદ્યાર્થી : તમને ધો. ૧૦ માં સારા ટકા આવ્યા હોવા છતાં તમે વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ કેમ ન લીધો?

વાલી : તમારા બાળકને ધો.૧૧ માં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ કેમ ન લેવડાવ્યો?

આચાર્ય અને શિક્ષક : ધો.૧૧-૧૨ માં વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેમ ઘટતી જાય છે?

**માહિતી એકત્રીકરણ**

ગુજરાત રાજ્યના જુદા જુદા વિભાગોમાંથી નમૂનાના પાત્રોને રૂબરૂ મળી તેમના અભિપ્રાયોને લેખિત સ્વરૂપે લેવામાં આવ્યાં હતા. પાત્રોએ આપેલા અભિપ્રાયને હવે પછી સારણી દ્વારા દર્શાવેલ છે.

**સારણી : ૫**
**વિસ્તાર અને પાત્રોના પ્રકાર પ્રમાણે અભિપ્રાયની સંખ્યા**
**(પાત્રોની સંખ્યા ટકામાં દર્શાવેલ છે.)**

| નં. | અભિપ્રાય | શહેર વિસ્તાર | | | | ગ્રામ્ય વિસ્તાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આચાર્ય | શિક્ષક | વિદ્યાર્થી | વાલી | આચાર્ય | શિક્ષક | વિદ્યાર્થી | વાલી |
| ૧ | આર્થિક ભારણ | 25 | 76 | 50 | 62 | 82 | 68 | 70 | 66 |
| ૨ | ટયુશનના ખર્ચા | 63 | 22 | 26 | 28 | 59 | 40 | 56 | 31 |
| ૩ | ભવિષ્યમાં ડોનેશન | 50 | 18 | 18 | 12 | 6 | 9 | 7 | 15 |
| ૪ | ઓછા ટકા/નાપાસનો ડર | 38 | 56 | 53 | 36 | 24 | 28 | 50 | 49 |
| ૫ | બોર્ડનું ઓછું પરિણામ | 50 | 9 | 26 | 30 | 35 | 36 | 22 | 23 |
| ૬ | અભ્યાસક્રમ અઘરો | 19 | 44 | 56 | 30 | 41 | 47 | 60 | 30 |
| ૭ | અભ્યાસક્રમ લાંબો | 19 | 13 | 5 | 14 | 65 | 36 | 0 | 12 |
| ૮ | માર્ગદર્શનનો અભાવ | 25 | 44 | 3 | 10 | 47 | 26 | 8 | 16 |
| ૯ | શાળાઓથી અસંતોષ | 13 | 11 | 6 | 10 | 29 | 17 | 15 | 12 |
| ૧૦ | શાળામાં શિક્ષકનો અભાવ | 13 | 11 | 2 | 0 | 6 | 11 | 0 | 12 |
| ૧૧ | નજીકમાં શાળાનો અભાવ | 0 | 9 | 2 | 0 | 18 | 17 | 23 | 35 |
| ૧૨ | સરકારી નોકરીમાં ઓછી તકો | 13 | 11 | 0 | 24 | 0 | 0 | 6 | 5 |
| ૧૩ | અન્ય પ્રવાહમાં નોકરીની વધુ તક | 13 | 20 | 29 | 30 | 6 | 6 | 19 | 19 |
| ૧૪ | P.T.C/ B.Ed./Master Degree | 13 | 18 | 5 | 2 | 35 | 28 | 16 | 16 |
| ૧૫ | પ્રોત્સાહનનો અભાવ | 13 | 7 | 0 | 10 | 6 | 4 | 0 | 3 |
| ૧૬ | ઓછી મહેનતે વધુ ટકા | 38 | 13 | 16 | 14 | 24 | 17 | 15 | 15 |
| ૧૭ | મહેનત વધુ પરિણામ ઓછું | 25 | 13 | 33 | 16 | 6 | 9 | 15 | 12 |
| ૧૮ | કારકિર્દી ખતમ થવાનો ભય | 19 | 46 | 35 | 14 | 41 | 15 | 18 | 12 |
| ૧૯ | મિત્રોની સલાહ- પરિણામ | 19 | 7 | 15 | 24 | 12 | 4 | 12 | 11 |
| ૨૦ | મેડિકલ/ઍન્જિ. માં જ જવું છે. | 13 | 13 | 4 | 14 | 6 | 4 | 3 | 5 |
| ૨૧ | ઉચ્ચ શિ.માં એડમિશનમાં મુશ્કેલી | 19 | 13 | 11 | 18 | 0 | 0 | 14 | 11 |
| ૨૨ | ધો.૧૦ અને ૧૨ ના અભ્યાસક્રમ વચ્ચે મોટો તફાવત | 31 | 20 | 0 | 0 | 24 | 13 | 0 | 0 |
| ૨૩ | વિજ્ઞાનપ્રવાહમાં રસ ઓછો | 0 | 7 | 55 | 32 | 18 | 11 | 45 | 9 |
| ૨૪ | ટયુશનના શિક્ષકો અને ક્લાસીસ દ્વારા ફેલાવાતો ભય | 25 | 11 | 0 | 8 | 12 | 15 | 9 | 5 |

## ભલામણો

- **સરકાર કક્ષાએ**

૧. ગ્રામ્યકક્ષાએ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવી.

૨. ગ્રામ્યકક્ષાએ ગ્રાન્ટેડ શાળાઓ વધુ પ્રમાણમાં ખોલવી. જે શાળાઓ કાર્યરત છે તેમને વિશિષ્ટ ગ્રાન્ટ/લાભો આપવા.

૩. ટ્યુશન પર કડકાઇ પૂર્વક પ્રતિબંધ મૂકવો.

૪. પ્રશ્નબેંક બનાવવી અને પરીક્ષામાં કેટલાક પ્રમાણમાં તેનો આધાર લેવો

૫. ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થી ઇચ્છે તેટલીવાર પરિણામ સુધારવાની તકો આપવી.

૬. વિજ્ઞાનપ્રવાહ સાથે ધો.૧૨ પાસ થનાર વિદ્યાર્થી કોલેજ કક્ષાએ કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ માટે લાયક ગણાય તેવા નિયમો કરવા.

૭. ધો.૧૦ અને ધો.૧૨ ના અભ્યાસક્રમ વચ્ચે મોટો તફાવત છે. જે દૂર કરવો. આ માટે ધો.૧૦ નો અભ્યાસક્રમ અપગ્રેડ કરવો.

૮. વિદ્યાર્થીને વિજ્ઞાનપ્રવાહમાં રસ ઉત્પન્ન થાય તે માટે માધ્યમિક કક્ષાએ પ્રયત્નો કરવા. જેમાં વાલીને પણ સામેલ કરવા. વિજ્ઞાનપ્રવાહને કારણે થતાં ફાયદાઓ જણાવવા. ઉપરાંત ધો.૧૨ પછી રાજ્યમાં ઉચ્ચ અભ્યાસની સગવડતાથી પરિચિત કરવા.

૯. વિજ્ઞાનપ્રવાહ બાદ રોજગારી માટે સરકારી નોકરી અને ખાનગી નોકરી તેમજ નાના-મોટા ધંધા વિશે માહિતી આપવી

૧૦. વિજ્ઞાનપ્રવાહમાં જે શાળામાં જે વિષયના શિક્ષકોનો અભાવ હોય તેની તાત્કાલિક એન.ઓ.સી. આપી ને ભરતી કરાવવી.

૧૧. વિજ્ઞાનપ્રવાહમાં શૈક્ષણિક કાર્ય વિષયનિષ્ણાત શિક્ષક દ્વારા જ થવું જોઈએ. એક વિષયના શિક્ષકને અન્ય વિષય શીખવવા ન જ દેવો જોઈએ.

૧૨. ગ્રામ્યકક્ષાએ શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રયત્નો કરવા.

૧૩. ૨૮ ફેબ્રુઆરી (રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ) ના દિવસે રાજ્ય વ્યાપી વિજ્ઞાનરથયાત્રા શરૂ કરવી. તે દિવસે સમગ્ર રાજ્યના એસ.વી.એસ. કક્ષાએ પણ ઝુંબેશ ચલાવવી. વકતૃત્વ સ્પર્ધા, ચર્ચાસભા, નિબંધ સ્પર્ધા, વિજ્ઞાનરેલી, પ્રચાર પુસ્તિકા, પોસ્ટર્સ-ચાર્ટસ્ , પ્રચાર માધ્યમોમાં લેખો વગેરે દ્વારા જાગૃતિ લાવવી.

**શાળાકક્ષાએ**

૧. શાળાકક્ષાએ એવું કામ અને આયોજન કરીએ કે જેથી વિદ્યાર્થીને ટયુશનની જરૂર જ ન પડે. ઉપરાંત ટયુશન પ્રતિબંધમાં સરકારને સાથ આપવો
૨. અવારનવાર વાલી મિટીંગ કરવી અને વિદ્યાર્થીના અભ્યાસમાં વાલી સહયોગ કેળવવો
૩. માધ્યમિક કક્ષાએ ધો.૮ થી ૧૦ માં વિજ્ઞાન વિષયક વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીમાં વિજ્ઞાન પ્રત્યે રસ કેળવવો
૪. હોશિયાર વિદ્યાર્થીને પી.ટી.સી. જેવા ટૂંકાગાળાના કોર્ષમાં મૂક્યા કરતાં વિજ્ઞાનપ્રવાહમાં મૂકવાથી શું ફાયદા થાય છે, તે વિદ્યાર્થી અને વાલીને સમજાવવું. સમાજમાંથી અન્ય ઉદાહરણો પણ આપવા
૫. વિદ્યાર્થીઓ માનસિક રીતે હતાશ ન થાય- ડિપ્રેશન ન અનુભવે તે માટે શાળામાં વિવિધ કાર્યક્રમો ગોઠવવા.
૬. તમારી શાળાના એવા ભૂતપૂર્વ વિદ્યાર્થીની યાદી તૈયાર કરો કે જેના દ્વારા નવા વિદ્યાર્થીઓ વિવિધ બાબતમાં પ્રેરણા લઈ શકે.
૭. નવો અભ્યાસક્રમ અઘરો જ હોય છે. તેવા ખ્યાલો વાલી અને વિદ્યાર્થીના મનમાંથી દૂર કરો.

**વિદ્યાર્થી/વાલી /સમાજ કક્ષાએ**

૧. શાળા અને સરકાર દ્વારા સારું પરિણામ આવે તે માટે કરવામાં આવતાં પ્રયત્નોમાં વિશ્વાસ રાખી સહકાર આપવો
૨. વિદ્યાર્થીઓ ધો.૧૨ માં વિવિધ સાહિત્ય એકઠું કરવામાં સમય ન બગાડે પણ નક્કી કરેલ સાહિત્યનો જ વારંવાર અભ્યાસ કરે તે જોવું
૩. જે બાબતોમાં શાળાથી અસંતોષ હોય તે બાબત પ્રત્યે શાળાના આચાર્યનું ધ્યાન દોરવુ. પરિણામ ન મળે તો જિલ્લાના શિક્ષણાધિકારીનું ધ્યાન દોરવુ. છેલ્લે મા.શિ.બોર્ડનું પણ ધ્યાન દોરી શકાય.
૪. હોશિયાર વિદ્યાર્થીને ટૂંકાગાળાના કોર્ષમાં મૂકીને તેની કારકિર્દીને સીમિત ન કરતાં, તેને ઉચ્ચ અભ્યાસ કરાવી આગવી પ્રતિભા ઊભી કરાવો.
૫. શાળા જ્યારે જ્યારે વાલી મિટીંગ રાખે ત્યારે અચૂક હાજર રહેવું.
૬. વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ લેવાનો મુખ્ય ઉદેશ મેડિકલ કે એન્જિ. જ ન રાખતાં અન્ય સારી શાખાઓ પણ ધ્યાનમાં રાખવી જોઈએ.
૭. વિદ્યાર્થી તેના મિત્રો પાસેથી સલાહ લે, પરંતુ નાસીપાસ કરતાં મિત્રોથી દૂર રાખવા. પ્રવાહની પસંદગી મિત્રએ કરેલ પસંદગીના આધારે ન કરવી.
૮. બાળક નાસીપાસ થાય તેવા વિધાનો ન વાપરો. તેને હૂંફ આપો. તેની જરૂરિયાત સમજો. મુશ્કેલીના સમયે આચાર્યની સલાહ લો.